ગાંધીનગર સમાચાર

તા. ૧૭-૧૦-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# મોદી મેજિક અકબંધ છે

ગત લોકસભાની ચૂંટણીમાં આવા એક્ઝિટ પોલ મહદંશે સાચા પુરવાર થયા હતા તે સર્વવિદિત છે. જો એ મુજબ મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણી વિશેના એક્ઝિટ પોલ સાચા પડે તો બેઉ રાજયોમાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવે છે અને કોંગ્રેસ બેઉ રાજયોમાં ત્રીજા ચોથા સ્થાને ધકેલાઇ જવાની શક્યતા ઊભી થાય છે. મતલબ કે એક્ઝિટ પોલ કોંગ્રેસની મહત્ત્વનાં રાડયોમાં એક્ઝિટ કહેતા વસમી વિદાય દર્શાવે છે, અને મોદીના ખભે ચડીને ભાજપ બેઉ રાજયોમાં બુલંદ વિજય ભણી અગ્રેસર થઈ રહ્યું છે. જો કે ૧૯મી ઓકટોબરે પરિણામો જાહેર થશે ત્યાં સુધી સત્તાધારી પક્ષ એમ જ કહ્યા કરશે કે અમારી સત્તા ચાલુ રહેવાની છે. રાશીદ અલવી જેવા સૌમ્ય પ્રવકતાએ બેઉ રાજયોમાં કોંગ્રેસી શાસન વિરૂદ્ધ પ્રવર્તી રહેલ એન્ટિ ઈન્કમ્બન્સીનો સ્વીકાર જરૂર કર્યો છે પરંતુ એક્ઝિટ પોલ દર્શાવે છે એવા કરૂણ રકાસની સ્થિતિ એ કલ્પી શકતા નથી. મહારાષ્ટ્ર અને હરિયાણામાં કોંગ્રેસ પાસે એના પ્રસ્થાપિત નેતાઓ - મુખ્યમંત્રીઓ હતા. ભાજપ પાસે તો એક માત્ર નરેન્દ્ર મોદીનું નામ અને કામ હતું. કેન્દ્રમાં ભાજપ સરકાર હોય ત્યારે રાજયમાં પણ એ જ પાર્ટીનું શાસન હશે તો વિકાસકૂચ વેગીલી બને, એ તર્કસંગત દલીલ લોકોના ગળે ઉતારવામાં મોદીને સફળતા સાંપડી હોય એવું એમને સાંભળવા ઊમટતી ભીડ તેમજ વિવિધ એજન્સીઓ દ્વારા કરાયેલ એક્ઝિટ પોલથી લાગ્યા વગર ન રહે. હરિયાણામાં રેકોર્ડ બ્રેક મતદાન થયું છે. મહારાષ્ટ્રમાં પણ પ્રમાણમાં સારું મતદાન થયું છે, પંરતુ અહીં મતદાતા થોડીક અવઢવ અનુભવતો લાગે છે. મુંબઇ જેવા મહાનગરમાં ગ્રામપ્રદેશની સરખામણીએ ઓછું મતદાન થયું છે, તે મોદી મેજિક ઓસરતું હોવાનો અને બાલ સાહેબની ગેરહાજરીમાં શિવસેનાના પ્રભાવમાં પણ ઊણપ આવી હોવાનો સંકેત ગણાય. જો કે એકલા હાથે બેઉ 'નેતાવિહોણાં' રાજયોમાં ભાજપને સત્તાસ્થાને પહોંચાડવાનો અથવા સૌથી મોટી પાર્ટી તરીકે પ્રસ્થાપિત કરવાનો મોદીનો પુરૂષાર્થ દાદ જ માગી લે છે. શિવસેના જેવા જૂના સાથીની સ્વભાવગત દાદાગીરી સામે કોઠું નહીં આપીને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે એક અર્થમાં જોખમ જ ખેડ્યું હતું. પરંતુ આવા જોખમ જ કયારેક અણધારી સફળતામાં પરિણમતાં હોય છે. અમિત શાહને એમના નેતાની ક્ષમતા પર એટલો બધો ભરોસો હતો કે પચ્ચીસ વર્ષ જૂનું શિવસેના સાથેનું રાજકીય ગઠબંધન તોડી નાખતાં એમના પેટનું પાણી સુધ્ધાં ન હાલ્યું. શિવસેના ઊલટાની રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઇ ગઈ અને કેન્દ્ર સરકારમાં એના એક માત્ર પ્રતિનિધિ લેખે સમાવાયેલા અનંત ગીતેનું રાજીનામું સુધ્ધાં ન મેળવી શકી. આમ છતાં, મરાઠી માણૂસ-વાળી પરંપરાગત અને પ્રાદેશિક ઓળખના જોરે શિવસેના મહારાષ્ટ્રમાં બીજા નંબરે રહે, એવી શક્યતા એક્ઝિટ પોલ દર્શાવી રહ્યા છે. કદાચ ભાજપને મહારાષ્ટ્રમાં પોતાના બળ પર સરકાર બનાવવા જેટલી બેઠકો ન મળે તો શિવસેના સાથે એનું કેન્દ્રીય સ્તરે ચાલુ રહેલું જોડાણ નવાં સમીકરણો રચવાની ભૂમિકા બની શકે એમ છે. પ્રભુ ચાવલા જેવા વરિષ્ઠ રાજકીય સમીક્ષક હજુ પણ મહારાષ્ટ્રમાં ત્રિશંકુ પરિણામો આવે તો શિવસેનાની જ મુરાદ પાર પડે એવું પૃથ્થકરણ રજૂ કરી રહ્યાં છે. જો ભાજપને સ્પષ્ટ બહુમતી સુધી પહોંચવામાં તકલીફ પડશે તો એણે સામેથી ઉદ્ધવ ઠાકરેના શરણે જવું પડશે અને મુખ્યમંત્રી કે ઉપમુખ્યમંત્રીપદની ઓફર કરવી પડશે. બની શકે કે પાંચ વર્ષ દરમિયાન બેઉ પક્ષો અઢી-અઢી વર્ષ પૂરતા પોતાના મુખ્યમંત્રી મૂકે. બીજી શક્યતા એ પણ રહે કે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસના ટેકાથી અને જરૂર પડ્યે કોંગ્રેસના બહારથી અપાતા સમર્થનથી ઉદ્ધવ ઠાકરેની શિવસેના સરકાર રચાય, જેની લાંબે ગાળે દિલ્હીમાં કેજરીવાલ જેવી દુર્દશા થાય ત્રિશંકુ પરિણામો ન આવે એ માટે મોદીએ વારંવાર પ્રજાને ભાજપને સ્પષ્ટ બહુમતી આપી સત્તા સોંપવા વિનંતી કરી હતી. પ્રજા પણ આ વાત બરાબર સમજે છે. તેથી તે 'તરતા મત' (ફલોટિંગ વોટ્સ) હોય છે, તે છેલ્લી ઘડીએ વિજયી થવાની શક્યતા ધરાવતી પાર્ટી તરફ તરફ વળતા હોય છે. વિવાદાસ્પદ ડેરા સચ્ચા સૌદાના અનુયાયીઓ ભાજપ તરફ વળે છે, તે આનું જ્વલંત દૃષ્ટાંત છે. હરિયાણામાં એક્ઝિટ પોલ ભાજપને ૩૩ થી ૫૨ પર બેઠકો મળતી દર્શાવે છે ૪૫ બેઠકો મળે તો સ્પષ્ટ બહુમતી ગણાય. મહારાષ્ટ્રમાં ૨૮૮માં ૧૪૫ બેઠકો મળે તો સ્પષ્ટ બહુમતી થાય. ત્યાં ભાજપને ૧૦૮ થી ૧૫૧ બેઠકો મળતી આકારાઇ છે. હરિયાણામાં આ વખતે કોંગ્રેસ સામે ખરી ટક્કર ઓમપ્રકાશ ચૌટાલાના ઈંડિયન નેશનલ લોકદળ તરફથી હતી. પરંતુ કેન્દ્રમાં ભાજપને મળેલા ભવ્ય પ્રતિસાદ પછી લોકમાનસ બદલાતાં માંડ ચાર-પાંચ બેઠકો મેળવનાર ભાજપને ૯૦ બેઠકોવાળી વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી મળવાની સંભાવના દર્શાવાઇ રહી છે, જયારે દસ વર્ષથી સત્તામાં રહેલી વિકાસલક્ષી કોંગ્રેસ પાર્ટી દસ-પંદરના આંકડે હડસેલાઇ જવાની અને ચૌટાલાની પાર્ટી મુખ્ય વિરોધપક્ષ તરીકે ઊપસી આવતી હોવાની આગાહી કરાઇ રહી છે. મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસ એના ભૂતકાળના સાથી પક્ષ કરતાં પાછળ એટલે કે ચોથા નંબરે પહોંચી જશે, એવી શક્યતાઓ દેખાડાઇ રહી છે. જો આમ થશે તો, કયારેક સમગ્ર દેશ પર એકચક્રી શાસન ભોગવનાર કોંગ્રેસ માત્ર ઉત્તરમાં ઉત્તરાખંડ-હિમાચલ, પૂર્વોત્તરમાં આસામ અને દક્ષિણમાં કર્ણાટક-કેરળ જેવાં ખૂણાં ખાંચરાના રાજયો પૂરતી સમેટાઇ જશે અને ભાજપનો ભગવો દેશના હાર્દરૂપ પ્રદેશોમાં ફરકતો થઈ જશે. સમય કોઈનો થયો નથી કે થવાનો નથી : પરિવર્તન એ કુદરતનો કાનૂન છે!

# ખરણા ગામે શૈક્ષણિક સંકુલનો સુવર્ણ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ખરણા ગામના શ્રી ખરણા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંકુલને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ત્રિદિવસીય સુવર્ણ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ સુવર્ણ મહોત્સવનો આજરોજ સમાપન સમારંભ યોજાયો હતો. આ નિમિત્તે ગાંધીનગર જિલ્લા -ભારી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે શાળાના સ્મૃતિ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ -સંગે ગાંધીનગર જિલ્લા -ભારી મંત્રી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર, અમદાવાદ જેવા મોટા શહેરમાં શૈક્ષણિક ટ્રસ્ટનું સંચાલન કરવું સરળ છે, પણ આટલા નાના ગામમાં સતત ૫૦ વર્ષ સુધી કેળવણી મંડળનું સંચાલન કરવાનું કામ ઘણું કપરું છે. શૈક્ષણિક સંકુલના પાંચ દાયકાની સફરમાં અનેક વિદ્યાર્થીઓ અહીંથી શિક્ષણ મેળવી દેશ-વિદેશ સહિત રાજયના મોટા શહેરમાં રહેતા હશે, પણ આજે શૈક્ષણિક સંકુલના સુવર્ણ મહોત્સવમાં જે રીતે અહીના પૂર્વ વિદ્યાર્થીઓ આવ્યા છે,તે વાત જ ગામની એકતા અને કેળવણી મંડળ -ત્યેનો -ેમ બતાવે છે.

આજના યુગમાં શિક્ષણ વિના ચાલે નહિ, તેવું કહી તેઓશ્રીએ ઉપસ્થિત સર્વેને દીકરીઓને ભણાવવા અને ભૃણ હત્યા અટકાવવા માટે નમ્ર અપીલ કરી હતી. શિક્ષણ થકી સમાજમાં સારા સંસ્કારનું સિંચન થાય છે અને તદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકાય છે.

ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈ પણ શૈક્ષણિક સંસ્થાની શરૂઆત કરવાનું કામ કપરું નથી, પણ સંસ્થાની સ્થાપના બાદ તેને સુચારું આયોજન કરી ચલાવવાનું કામ ઘણુ અઘરું છે. આજે આ કેળવણી મંડળ ૫૦ વર્ષ પૂર્ણ કરીને સુવર્ણ મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે, તેનો શ્રેય કેળવણી મંડળની સ્થાપના કરનાર અને મંડળના મૂલ્યનું જતન કરી -ગતિ કરનાર ટ્રસ્ટી મંડળના સભ્યોને જાય છે.



શિક્ષણનું જીવનમાં ખૂબ જ મહત્વ છે, તેવું કહી તેઓશ્રીએ કહ્યું હતું કે, -ાચીન સમયમાં ગુરૂકુળના માધ્યમથી બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવતો હતો. શિક્ષણ એ માત્ર ભણી ગણીને સારી નોકરી મેળવવા માટે નહિ, પણ વ્યક્તિ જીવન શ્રેષ્ઠ રીતે જીવી શકે તેવી ગોઠવણી કરીને શિક્ષણ મળે તે હાલના સમયમાં ખૂબ જ જરૂરી છે.

વાંચનથી વ્યક્તિને સારા વિચાર આવે છે, તેવું કહી તેમણે દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના તમામ લોકોમાં સારા વિચારોનું નિર્માણ કરવાના આશયથી વાંચે ગુજરાતનો અનેરો કાર્યક્રમ અમલી બનાવ્યો છે. તે ઉપરાંત રાજયના -થમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મહિલા સશકિતકરણને -ાધાન્ય આપ્યું હતો. તેમણે શિક્ષણ, પારિવારિક, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓની ભાગીદારી બહુ મૂલ્યવાન બને તે દિશામાં સુચારું આયોજન કરીને આગળ વધી રહ્યાં છે. તેમણે બાળકોને ઈન ડોર ગેમ્સના બદલે આઉટ ડોર ગેમ્સ રમશે, તો તેની શારિરીક ક્ષમતા વધશે. શારિરીક ક્ષમતાના કારણે મન મજબૂત બનશે અને શિક્ષણ -ત્યેની રૂચી તેની વધશે. આજનું બાળક આઉટ ડોર ગેમ્સ રમતું થાય તે માટે રાજય સરકાર દ્વાર ખેલ મહાકુંભનો અનેરો કાર્યક્રમ પણ અમલી બનાવ્યો છે.

આ -સંગે શાળામાં દાન આપનાર દાતાશ્રીઓનું આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલના હસ્તે શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહ્નન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સુવર્ણ મહોત્સવના સમાપન સમારંભમાં મુખ્ય દાતાશ્રીના ભાઈ શ્રી રાજુભાઈ કરશનદાસ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના કનુભાઈ. ડી. પટેલ, કેળવણી મંડળના -મુખ શ્રી ચંદુભાઈ પટેલ, મંત્રી શ્રી માણેકલાલ પટેલ, સવિતા અમૃત પુસ્તકાલયના દાતા શ્રી જીતેન્દ્રભાઈ અમરતલાલ પટેલ, શાળાના નામકરણના દાતા શ્રી અમરતભાઈ ભાવસંગદાસ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ પટેલ, -વિણભાઈ પટેલ, છનાભાઈ બેચરદાસ પટેલ, જલધારાના દાતાશ્રી સંતોષભાઈ પટેલ, શાળાના આચાર્ય શ્રી સંજયભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

## હરિની દૃષ્ટિ...



આ દિવાળીની જ આઇટમ છે... મોંઘવારીમાં દીવાળી કરવા પૈસા ન હોય તો આ લઇ જાવ... રજામાં ઘરે બેસીને વગાડવાનું... કોઇ જ ખર્ચો નથી...!!

# ડિકોડીંગ સ્પોર્ટસ ઈકોસિસ્ટમ અંગે વાયબ્રન્ટ ગુજરાત સ્પોર્ટસ સમિટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

રાજયમાં રમત ગમત પ્રવૃત્તિઓને વધુ ને વધુ પ્રોત્સાહિત કરવા અનેકવિધ નવીન આયામો યોજાઈ રહ્યા છે, જેના ભાગરૂપે વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૫ અંતર્ગત મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે આગામી તા. ૧૭ ઓક્ટોબરના રોજ 'ડિકોર્ડીંગ સ્પોર્ટસ ઈકોસિસ્ટમ' વાયબ્રન્ટ ગુજરાત સ્પોર્ટસ સમિટ યોજાશે. આ સમિટમાં મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અતિથિવિશેષ તરીકે રાજ્યકક્ષાના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી ખાસ ઉપસ્થિત રહેશે.

આ ડિકોડીંગ સ્પોર્ટસ સમિટમાં રમતના વિકાસ માટે પેનલ ડિસ્કશન ઓન સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર, કેસ સ્ટડી ઓન સ્પોર્ટસ પ્રમોશન ઈનિસિટીવ્સ, કરિયર ઓરિએન્ટેડ વોકેશનલ કોર્સ રિકવાયર્ડ ઈન સ્પોર્ટસ, સ્પોર્ટસ મેનેજમેન્ટ, યુઝીંગ સ્પોર્ટસ ફોર સોશિયલ ચેન્જ, પ્રમોટિંગ એન્ડ એમ્પાવરિંગ વુમન ઈન સ્પોર્ટસ અને પેનલ ડિસ્કશન ઓન બેસ્ટ પ્રેક્ટિસીસ ઈન ડવલપીંગ સ્પોર્ટસ ઈકો સિસ્ટમ અંગે રમત ગમતના નિષ્ણાતો સાથે પેનલ ડિસ્કશન યોજાશે.

આ પ્રસંગે રમત ગમત વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી સંદીપ પ્રધાન, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. જતીન સોની વગેરે ઉપસ્થિત રહેશે.

# આવતીકાલે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરને અડીને આવેલા લેકાવાડા ખાતે આવેલ ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ તા. ૧૮મી ઓક્ટોબર શનિવારે રાત્રે ૮.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. આ વાર્ષિકોત્સવ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો છે. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના આ એન્યુઅલ ફંકશન-૨૦૧૪નું બાળકોમાં થનગનાટને તેમજ તેમનામાં છુપાયેલી શક્તિઓને ઓળખવા તેમજ તેમને પ્રોત્સાહન આપી બિરદાવવા આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્કૂલના તમામ બાળકોના વાલીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આવતી કાલે શેરી ગરબાના આયોજકોનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની કેપીટલ કલબ દ્વારા તા. ૧૮મી ઓક્ટોબર શનિવારે ટાઉનહોલ ખાતે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન શેરી ગરબાના આયોજકોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે. આ સમારંભ દરમિયાન ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા હાસ્ય કલાકારો મિલન ત્રિવેદી અને ગુણવંત ચુડાસમા દ્વારા અમે મોજીલા ગુજરાતી નામનો હાસ્ય દરબારનો કાર્યક્રમ રજૂ કરાનાર છે.

નવરાત્રી એ દૈવી શકિતની આરાધનાનું પર્વ છે. પરંતુ ગાંધીનગરમાં વેસ્ટર્ન કલ્ચરલ ગરબાનું પ્રમાણ વધુ પડતું જોવા મળી રહ્યું છે. જેના કારણે નવી પેઢીમાં શેરી ગરબાનું મહત્વ ઘટી રહ્યું છે. આ સંદર્ભે શેરી ગરબાનું મહત્વ વધે અને સાચું ભકિતભાવ પર્વ બની રહે તે માટે શેરી ગરબાના આયોજકોને પ્રોત્સાહન આપવાના હેતુથી તેમનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે. આ શેરી ગરબાના આયોજકોના સન્માન સમારંભ ૨૦૧૪માં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## નાગરો માટે જીવન સાથી પંસદગી સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા તા.૪થી જાન્યુઆરી ૨૦૧૫ રવિવારે અમદાવાદ ખાતે નાગર યુવક યુવતીઓ માટે 'જીવન સાથી પસંદગી સંમેલન' (અષ્ટ દશમ)નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ ગાંધીનગરમાં બે જગ્યાએથી વિના મુલ્યે આવેદન પત્ર મળી શકશે. જેમાં અરૂણભાઈ બુચ, પ્લોટ નં. ૨૨૦, અષ્ટ વિનાયક એપાર્ટમેન્ટ, સે-૨૦ અને સુભાષભાઈ ભટ્ટ, પ્લોટ નં. ૧૨૭૫, શિવમ સોસાયટી, ડીએસપી ઓફિસ પાછળ, સે-૨૭નો સંપર્ક કરવા જણાવાયું છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે પ્રમુખ નરેશચંદ્ર રામપ્રસાદ રાજા, ૪૫૮ જેઠાભાઈની પોળ, ખાડિયા ખાતેથી પણ આવેદનપત્ર મળી શકશે. આ આવેદનપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૦મી ડીસેમ્બર ૨૦૧૪ સમય સાંજના સાડા પાંચ વાગ્યા સુધી છે. જેની નોંધ લેવા પણ જણાવાયું છે.



## છાલા ખાતે શિક્ષક સજ્જતા માટે તાલીમનું આયોજન

ગાંધીનગર તાલુકાની છાલા પગાર કેન્દ્ર શાળા ખાતે 'શિક્ષક સજ્જતા' અંતર્ગત તા. ૧૫મી ઓક્ટોબરથી ૧૭મી ઓક્ટોબર સુધી ત્રિદીવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ વર્ગમાં સાદરા, ચિલોડા, દોલારાણા વાસણા, શિહોલી મોટી, દશેલા અને છાલા પ્રાથમિક શાળાના કુલ ૨૧૩ શિક્ષકોની તાલીમ માટે નોંધણી કરાઈ હતી તેમાંથી ૧૯૭ શિક્ષકો જોડાયા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા વાર્તાકથનનો સુંદર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાઇ ગયો

**ઉઘડતે પડદે**
ભરત કવિ

ભવિષ્યમાં ગાંધીનગર શહેરમાં થયેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ઈતિહાસ લખાશે ત્યારે બીજી કોઈ જગ્યાએ ભાગ્યે યોજાતાં કાર્યક્રમો ગાંધીનગરમાં યોજાયા છે તેવી નોંધ લેવી પડશે. આમ લખું છું ત્યારે ગાંધીનગરમાં ચીલાચાતરીને થતાં સાંસ્કૃતિક કાર્યક્રમોના માત્ર વખાણ નથી કરવાં પણ એ સાથે આવું આગવું આયોજન કરનારી સંસ્થાઓ પણ ગાંધીનગરમં છે તેનું ગૌરવું કરવું છે.

આ ભૂમિકા બાંધવાનું કારણ એ કે ગત તા. ૧૧ ઓકટોબરને શનિવારના રોજ શહેરની જાણીતી કલાસંસ્થા ''સંસ્કૃતિ'' સંસ્થાના ઉપક્રમે અને શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા જૈન સોશિયલ ગૃપના સહયોગથી ''પ્રેમને જો વાચા હોત તો?'' શિર્ષક તળે લોકસાહિત્ય અને લોકકલાની વિસરાતી જતી વાર્તાઓના કથનનો કાર્યક્રમ યોજાઈ ગયો. વાર્તાકથનએ ડાયરાનું મૂળ સ્વરૂપ છે. સ્વ. કાનજી ભુટા બારોટ (ચલાળા) અને સ્વ. બચુભાઈ ગઢવી (વઢવાણ) આપતા અદ્‌ભૂત વાર્તાકાર હતા. એ પછી ધીમે-ધીમે વાર્તાકથનની કળા પાતળી પડતી ગઈ. પણ એ એક કલાને યાદ કરવાનું કામ સંસ્કૃતિ સંસ્થાએ કર્યું. સંસ્થાને અભિનંદન આપવા પડે કે એક ઉમદા વિચારને અમલમાં મૂકવા માટે કલાકાર પણ ઉત્તમ પસંદ કર્યા. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના યુવા અધ્યક્ષ અને મર્મી કલાકાર યોગેશભાઈ ગઢવીને સંસ્થાએ આમંત્રણ આપ્યું અને કલાકારે અપરિમિત ઉદારતા દાખવીને તે સ્વીકાર્યું.

પ્રારંભમાં સંસ્થાના પ્રમુખશ્રી રમેશભાઈ પટેલે સૌનું સ્વાગત કર્યું. કાર્યક્રમની રૂપરેખા સંસ્થાના સક્રિય મંત્રી મનોજ શુકલએ આપી. મનોજભાઈ શુકલે એટલે વાત હોય એ કરતાં ય વધારે સુંદર બની જાય. લાગણીમાં જબોળાયેલી વાણીમાં તેમણે યોગેશભાઈના પ્રદાનનો પરિચય કરાવ્યો. પ્રારંભમાં ઔપચારિક કાર્યક્રમનું સંચાલન પરાગ શુકલએ કર્યું. એ પછી સ્ટેજ સોંપાયું યોગેશ ગઢવીને.

સર્વ પ્રેક્ષકો વાર્તા સાંભળવા ઉત્સુક હતા. યોગેશભાઈ પ્રેક્ષકોની નાડ પારખીને શું રજૂ કરવું તે જાણે સમજી ચુક્યા હોય તેમ વાત મુકતા પહેલા વાતાવરણની બાંધણી કરી. વાર્તા શું છે? તેની છણાવટ કરી અને એ સાથે સાથે ''પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં'' એ ગીત પ્રસ્તુત કર્યું અને એ સાથે જ ''અર્ધી રાતનો બોલ્યો મોરલો સહિયર શું કરું?''ની પણ પ્રસ્તુતિ કરી. આ બંને ગીતથી વાતાવરણ બદલાયું. અહીં યોગેશભાઈએ કહ્યું કે કલાને કોઈ સીમાડા નથી હોતા. એટલે વાર્તા માંડો એમાં તમામ પ્રકારના ગીત સંગીતને પ્રવેશવાનો અધિકાર છે. આટલું કહીને યોગેશ ગઢવીએ ''હકો ગાંડો'' નામની વાર્તા માંડી. નાના એવા ગામમાં રહેતા હકા ગાંડાને એ દુ:ખ કે તેની યુવાન પત્નીને એરુ આભડી ગયો એ પછી પણ એ એની પાછળ મરી ન ગયો અને જીવતો રહ્યો. જો કે જીવવાનું કારણ તેનો દીકરો હતો. દીકરો મોટો થયો. પરણાવ્યો. અને પછી એક દિવસ એ દીકરા અને તેની પત્ની વચ્ચેના અપાર પ્રેમની સચ્ચાઈની પરીક્ષા કરવા જતાં દીકરાએ જાન દઈ દીધો એ ઘટનાથી આ હકો ગાંડા થઈ ગયેલા. આ આખી કથા યોગેશભાઈએ લાઘવ સ્વરૂપે કહી. પણ એ વાર્તામાં આવતા જોઈતા રહસ્ય, હાસ્ય, રસાળતા, ગતિશીલતા જેવા તત્ત્વો યથાતથ જાળવી રાખ્યાં. એટલે વાર્તા પુરી થઈ ત્યારે પ્રેક્ષકો તરબોળ થઈ ગયા.

ખંભાળીયાની 'નાથી ખારવણ'ની વાત પણ રંગ જમાવી ગઈ. દરીયા કિનારે રહેતો ખારવો દરિયો ખેડવા જાય છે. તેમની ધણીયાણી નાથી ખારવણ રોજ તેની રાહ જુએ. પણ કોણ જાણે કેમ બધા આવે પણ તેનો પતિ ન આવે. પછી સમાચાર મળ્યા કે તેના પતિને ચાંચીયાએ ગુલામ તરીકે કેદ કર્યો છે. અને તેની પાસે ગુલામી કરાવે છે. એ યુગની આ અભણબાઈની કોઠાસુઝ તો જુઓ. એ ચાંચીયા પાસેથી પતિને છોડાવવા પૈસા ભેગા કરે છે. ઘરેણા વેચી દે છે અને પછી તેના પતિના શેઠની પાસે સલાયા જઈને કહે છે કે 'એ શેઠ, મને ચાંચિયાના પ્રદેશમાં ઉતારી જા. હું મારા વરને છોડાવીશ.' શેઠીયો તેને ચાંચિયાના ટાપુ ઉપર મુકી આવે છે. તેના રક્ષણ માટે સાથે પોતા દીકરાને મોકલે છે. અને પછી ચાંચીયાના સરદારને પોતાની મીઠી જવાબથી મનાવીને નાથી ખારવણ પોતાના પતિ અને અન્ય તમામ કેદીઓને છોડાવી લાગે છે. આ વાર્તા યોગેશભાઈએ પોતાની કલાનો બધો કસબ ઠાલવી દઈને કરી.

એમણે આનુષાંગિક વાતો ગુંથતા કહ્યું કે 'વાત કરીને ફુલાઈ જાત તે વક્તા અને વાત સાંભળીને વીંધાઈ જાય એ શ્રોતા' આ વાર્તા કથનની સાથે આનુષાંગિક નાની વાર્તાઓ પણ વહતી રહી. વચ્ચે ફિલ્મી ગીત 'કિસી રાહ મેં કિસી મોડ પર કહી ચલ ન દેના તું છોડ કર મેરે હમસફર' પણ કલાકારે લલકાર્યું. આ ગીત વાર્તાની સાથે વણાઈને આવ્યું હોય એવું લાગે. વાર્તા કઈ? 'બાજુડો અને બાજુડી'. ગરીબ યુગલ કેવી ખુમારીથી અને અરસપરસના પ્રેમથી જીવી શખે તેની વાત આ શિર્ષક તળે યોગેશભાઈએ માંડી. વાર્તા રસના તમામ રસને ઘોળીને આ વાર્તા કહેવાઈ. દાતણ વેંચતા આ દંપત્તિમાં સ્ત્રીને પોતાના પતિ પ્રત્યે કેવો લગાવ હોય અને તેના નાના એવા સુખ માટે પણ એ કેટલું બધું મથે તેની વાત આ વાર્તામાં વણાઈ. પોતાના આળસુ પતિના વ્યસનને પણ વ્હાલ કરીને તેની બીડી લાવવા માટે રજવાડામાં પૈસા માંગતી બાજુડી અને પોતાની પત્નીની અર્પણત્વને બરોબરો ઓળખતા બાજુડાની વાત શ્રોતાઓને ડોલાવી દે.

આ કાર્યક્રમમાં યોગેશ ગઢવી ખૂબ ખીલ્યા, પોતાની કથામાં ફિલ્મી ગીત આવ્યાં અંગે તેમણે કહ્યું કે આપણને ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બંગાળ, ગોવા, ઉત્તર પ્રદેશના લોકગીત મળે. પણ ભારત દેશનું લોકગીત કયું? તેનો જવાબ એ છે કે આઝાદી પછી લોકપ્રિય થયેલા અને લોકોની જીભે સતત ગવાતાં રહેલા ગીતો એ ભારતના લોકગીતો ગણવા પડે. ભારતના લોકો ફિલ્મી ગીતોમાં પોતાના હૈયાની વાતોનો પ્રતિબિંબ જોયું છે. એટલે ફિલ્મી ગીત પર લોકો માટે મહત્ત્વના છે. આ કાર્યક્રમમાં યોગેશભાઈએ સમાજ, ચિંતન, સંસ્કાર, પરંપરા, જ્ઞાન, સાધુતા, વૈરાગ્ય, ઉદારતા, વટ, વાત્સલ્ય અને પ્રેમ જેવા વિષયોને વણી લઈને વાર્તા કહી. એટલે આ આખોય કાર્યક્રમ શ્રોતાઓના કાનને ધન્ય કરી દે તેવો રહ્યો. પ્રેક્ષકોએ પણ પોતાની જગ્યા ન છોડવાનું પસંદ કરીને વાર્તાઓ સાંભળી. એક નવો અભિગમ દાખવીને સાવ નોખા - અનોખા પ્રકારનો કાર્યક્રમ રજૂ કરવાની હિંમત કરવા બદલ જૈન સોશિયલ ગ્રુપના આર.ડી. ગાંધી, સંસ્કૃતિના ગગુભા રાજ, મુકેશ મહેતા, શ્રીમતિ પ્રતિ મહેતા, કલ્પેશ ભટ્ટ, પંકજ ચુડાસમા અન્ય સૌને અભિનંદનના અધિકારી છે.

આ પ્રસંગે ગાંધીનગરના શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, જયોતિ મહિલા મંડળના મંત્રી કુ. ચેતના બુચ, સુરેન્દ્રનગર જીલ્લા મિત્ર મંડળના તખતસિંહ પરમાર, સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળના ઝીલુભા ધાધલ, જૈન સોશિયલ ગ્રુપના પ્રતિનિધિ તેમજ જુનિયર સિટીઝન કાઉન્સીલના પ્રમુખશ્રીએ પોતપોતાની સંસ્થાઓ વતી આવો સુંદર કાર્યક્રમ ગાંધીનગરને આપવા બદલ યોગેશભાઈ ગઢવીનું સ્મૃતિ ચિન્હ અને શાલ આપીને સન્માન કર્યું હતું. કલાકારે પોતાના સન્માન બદલ સર્વેનો વંદન ભાવે આભાર માન્યો હતો.

ગાંધીનગરમાં અનોખી ભાત પાડતો કાર્યક્રમ આપવા બદલ સંસ્કૃતિ સંસ્થાને હૃદયપૂર્વકના અભિનંદન.